ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

કુંડળીમાં ચમત્કારી કોઈ ગ્રહ દેખાતો નથી,
મારે મોંઘવારી, એવાં કોઈ તીર ફેંકાતાં નથી,
વિકાસ મારે તરફડીયાં, છે છેલ્લા શ્વાસ પર -
ચાણક્યમાં પણ ઉત્સાહનાં 'ચિન્હ દેખાતાં નથી!'

હાઈકુ

'સમાજ' દ્વારા
સંગઠિત સામને -
હાર્યો 'વિજય'...

સત્તા સોંપીને -
લ્યો ! રાખો મન ખૂશ -
સાચવો નાક!

### ચિંતન

**ઉપાયપૂર્વક ન દુષ્કરં સ્થાત્ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ઉપાયથી કોઈ કાર્ય દુષ્કર નથી રહેતું, કામ ગમે તેટલું કપરું અને દુષ્કર હોય, પણ જો તમે લગન અને નિષ્ઠાથી એની પાછળ પડો તો એમાં ચોક્કસ સફલતા સાંપડે છે. આથી કોઈ કાર્ય કરતાં પહેલાં એનો ઉપાય નિશ્ચિત કરવો જોઈએ. એટલે દૃઢ નિશ્ચય કરી એને પૂર્ણ કરવાનાં સાધનો એકત્રિત કરવાં જોઈએ. કાર્ય પ્રારંભ કરતાં પહેલાં એનો સર્વાંગીણ વિચાર કરવાનું અતિ આવશ્યક છે.

કોઈ પણ કાર્ય-સાહસ આરંભ કર્યા પહેલાં તેનું સંપૂર્ણ આયોજન અથથી ઈતિ સુધી, તેમાં આવનારી મુશ્કેલીઓ અને પરિણામોનો પણ સંપૂર્ણ વિચાર કરી પછી જ પ્રારંભ કરવું જોઈએ.

### સુવિચાર

- એક સાચા સંતનું દિલ દુભાય ત્યારે પોતાને સજ્જન ગણાવા ઈચ્છતા તમામ માણસોને તેના જેવું દુઃખ થવું જોઈએ - **મોરારિ બાપુ**
- નગારું બરાબર ન વાગે તો યુદ્ધમેદાને લડવા કોણ તૈયાર થશે ? - **અફઘાની કહેવત**
- ટીકા લૂચ્ચા ચિત્તાને કાંઈ કહેતી નથી, ને નિર્બથ પારેવાં પર તૂટી પડે છે - **પ્લુટાર્ક**
- કલમ એ મનની જીભ છે - **સર્વેન્ટીસ**
- મદદ કરનારના હાથ પ્રાર્થના કરનારની જીભ કરતાં વધારે પવિત્ર છે - **ઈંગરસોલ**
- જમાનાની સાથે આપણે બણ બદલાવું જોઈએ,
  સિવાય કે આપણામાં જમાનાને બદલવાની આવડત હોય - **ફ્રેડરિક નિત્શે**
- આજનું ઔષધ : વીકળાના પાનનો રસ જેઠી મધ ચૂર્ણમાં મેળવી ચાટવાથી લીવરનો સોજો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સાચા સંતની વાણી સાંભળી એક યુવાન પ્રભાવિત થયો. આમ યુવાન ગરીબ હતો છતાં પોતાની જે કંઈ બચત હતી તે સર્વસ્વ લઈ સંતના ચરણોમાં ધરી દીધી.

સંતે ગરીબ યુવાનને પ્રેમથી સમજાવતાં કહ્યું, 'ભાઈ, તમારી ઘરની પરિસ્થિતિ હું જાણું છું, મારા મંતવ્ય પ્રમાણે મારા કરતા તમારા પરિવાર માટે આ રકમની ખાસ જરૂર છે. મને એવી ભવિષ્યમાં આવશ્યકતા જણાશે ત્યારે હું આપની સમક્ષ દાનની યાચના કરીશ, અત્યારે આ રકમમાંથી આપનાં બાળકોને બરાબર દૂધ પીવડાવો, પોષણ કરો.'

યુવાને જીદ કરતાં કહ્યું, 'પણ, આવો મહામૂલો અવતાર મળ્યો છે અને પુણ્યદાન ન કરું તો મારો અવતાર એળે ગયો ને કહેવાય ?' સંતે સમજાવતાં કહ્યું, 'જુઓ ભાઈ, એકલા પૈસાથી જ દાનપુણ્ય નથી થતાં, પૈસા કરતાંય તન અને મનથી કરેલી જીવ માત્રની સેવા ઈશ્વરને ચોપડે વધુ લેખાય છે, સંજોગ વશાત્ એ પણ ન થઈ શકે તો મૂંઝાવું નહીં. જે માણસ પાપ નથી કરતો, અન્યનું બૂરું નથી ઈચ્છતો, કોઈ દુષ્કૃત્ય નથી કરતો એ પણ એક જાતનું ધર્માચરણ જ છે અને આવા ધર્મના આચરણ જેવું સારું કામ બીજું એકેય નથી.'

યુવાનને ધર્માચરણની સીદીસાધી પણ સચોટ વ્યાખ્યા સમજાવનાર એ સંત હતા આર્ય સમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી.

# શિવસેનાનાં રિસામણાં-મનામણાં

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટી એના સૌથી જૂના સહયોગી અને સમાન વિચારધારા ધરાવતા રાજકીય પક્ષને યેનકેન પ્રકારેણ સાથે રાખવા ઈચ્છે છે. એ મતલબના નિવેદનો ભાજપના મહારાષ્ટ્ર એકમથી લઈ રાષ્ટ્રીય કક્ષાના આગેવાનો વારંવાર કરતાં રહ્યાં છે. જો કે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે તો એમની આગવી મસ્તીમાં જ મહાલે છે અને 'સામના'ના લેખોમાં બહુ જ કડક શબ્દોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ તેમજ ભારતીય જનતા પાર્ટી સમસ્તની આકરી ટીકા કરતા રહે છે. 'મરાઠી માણૂસ'નો અવાજ રજૂ કરતો આ પ્રાદેશિક પક્ષ છે એ કોઈ ચમરબંધીની શેહ ભરતો નથી. એના આટલા આકરા વલણ છતાં ભાજપની સર્વોચ્ચ નેતાગીરી શિવસેનાની વળતી ટીકા કરવાનું ટાળતી રહી છે તે એની ખાનદાની નથી પરંતુ લાચારી છે. મહારાષ્ટ્રમાં ભાજપ બાળાસાહેબની આંગળી પકડીને આગળ આવેલી પાર્ટી છે. શિવસેનાનો હિંદુ રાષ્ટ્રવાદ ભાજપ જેવો સગવડિયો નથી. એ બહુ જ સ્પષ્ટ છે અને મુસ્લિમોનો એમનો વિરોધ પણ એટલો જ બુલંધ છે. મુસ્લિમોએ હિંદુઓ સાથે હળીમળીને રહેવું પડશે અને હિંદુ સંસ્કૃતિના પાયાના સિદ્ધાંતો જેવા મુદ્દાઓ તથા 'વંદે માતરમ્' માં અંતર્નિહિત ભારતમાતાની સંકલ્પનાને અનુસરવું પડશે - એવા આગ્રહ સાથે શિવસેના મુંબઈ જેવી દેશની આર્થિક રાજધાની અને મહારાષ્ટ્રના વિશાળ હિંદુત્વ પુરસ્કર્તા જનસમુદાયનું એકધારું નેતૃત્વ કરતી રહી છે. ભાજપ કરતાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘથી વધુ નજીક લાગતી આ કટ્ટર હિંદુત્વવાદી પાર્ટી અલબત્ત મહારાષ્ટ્ર બહાર પૂરતું કાઠું કાઢી શકી નથી. બલકે બાળાસાહેબ ઠાકરેના અવસાન પછી શિવસેનાનો મિજાજ ઠંડો પડશે એમ લાગતું હતું પરંતુ એ ધારણા ખોટી પડી છે. પિતરાઈ ભાઈઓ વચ્ચેનો મનદુઃખ પછી પણ ઉદ્ધવ ઠાકરેએ સારું એવું કાઠું કાઢ્યું છે. એમણે રાષ્ટ્રીય નતાઓ જે રીતે બાલ ઠાકરેને મળવા 'માતોશ્રી' નાં પગથિયાં ચડતા હતા તે જ રીતે પોતાની પણ કુરનિશ બજાવે એવો બોલકો હઠાગ્રહ રાખ્યો છે. અટલ બિહારી વાજપેયી અને અડવાણી જેવા વરિષ્ઠ નેતાઓ બાળાસાહેબના દરબારમાં હાજરી ભરતા હતા એમ મોદી અને શાહ સહિતના વર્તમાન નેતાઓ પણ સામે ચાલીને પોતાને મળવા આવે એવો ઉદ્ધવ ઠાકરેનો અહંકારી અભિગમ ભાજપને માન્ય રાખવો પડ્યો છે. મોદી ભાગ્યે જ કોઈની ટીકા જીરવી શકે એવા ઉન્નતભ્રૂ નેતા છે. ઉદ્ધવ એમના વિશે છાશવારે એલફેલ ટીકાટિપ્પણ કરતાં રહે છે. ગઈ ચૂંટણીઓમાં ભાજપ મહારાષ્ટ્રમાં શિવસેના કરતાં વધુ બેઠકો લઈ ગયું છતાં ઉદ્ધવ ઠાકરેનું અભિમાન અકબંધ જ રહ્યું છે. કેન્દ્રમાં એન રાજયમાં શિવસેના સત્તામાં ભાગાદીરી કરે છે, છતાં ભાજપની અને મોદી, શાહ કે ફડણવીસ જેવા એના નેતાઓની ફીરકી લેવામાં કસર કરતા નથી. સત્તાની ભાગીદારી છતાં એમને ભાજપ સાથે સંબંધ વિચ્છેદની પણ જાહેરાત કરી દીધી છે. મોદીની કાર્યશૈલી સામેની એમની નારાજગી જ આની પાછળનું મૂળ કારણ છે. બેઉ આપખુદ વલણ ધરાવતા અહંકારી નેતાઓ છે, પણ બેઉને એકબીજાની ગરજ પણ છે, જો કે 'મરાઠી માણૂસ'ના ભાવનાત્મક મુદ્દે શરદ પવાર સાથે બાળાસાહેબની જેમ જ ઉદ્ધવના પણ મીઠા સંબંધ રહ્યા છે. આગામી લોકસભાની ચૂંટણી વખતે ઉદ્ધવ ભાજપ કરતાં એનસીપી સાથે જોડાણ કરે એવી પૂરી શકયતાઓ છે. એવું થશે તો ભાજપને ૪૮ બેઠકો ધરાવતાં મહારાષ્ટ્રમાં મોટો ફટકો પડી શકે એમ છે. એથી જ વાણિયા મૂછ નીચી રાખીને અમિત શાહ માતોશ્રીના દરવાજે ઊભા છે !

# અષ્ટાંગ યોગ (આસન થી સમાધિ સુધી)



## પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

આપણે છેલ્લા ત્રણ આર્ટિકલથી યોગના સૌથી પ્રશસ્ત માર્ગ એવ અષ્ટાંગ યોગ વિષે પરિચય મેળવી રહ્યા છીએ. ગતાંકે આપણે અષ્ટાંગ યોગ માટે જરૂરી લાયકાતો અંગે ચર્ચા કરી જે અંતર્ગત આપણે અષ્ટાંગ યોગના પ્રથમ બે સોપાનો યમ અને નિયમનો પરિચય મેળવ્યો. આજના આર્ટિકલમાં અષ્ટાંગ યોગના બાકીના સોપાનો એટલે આસન થી સમાધિ સુધીનો પરિચય મેળવી આ શ્રેણી સમાપ્ત કરીશું.

આસનઃ અષ્ટાંગ યોગનું ત્રીજું સોપાન એટલે આસન. આસન વિષે આમ તો બહું કહેવાની જરૂર નથી કારણકે લગભગ દરેક વ્યક્તિને આસન વિષેનો પરિચય હશે જ. મહર્ષિ પતંજલિ અનુસાર આસન એટલે 'સ્થિર સુખમ્ આસનમ્..' જે પરિસ્થિતિમાં સુખપૂર્વક સ્થિરતાથી રહી શકાય એ આસન કહેવાય. આપણા મનમાં એવું હોય છે કે શરીરને જેમ-તેમ કષ્ટપૂર્વક વાળવાની ઘટનારૂપી તપ કરવાથી જ આસન સિદ્ધિ થાય. આમ કરવાથી આસન તો આસનની જગ્યાએ રહે, કદાચ ઓર્થોપેડીક ડોક્ટરની મુલાકાત ચોક્કસ લેવી પડે. આસનના અનેક ફાયદાઓ છે. તેને સાચી રીતે કરવા જોઈએ. શરીર સહન કરી શકે તેટલું જ વાળવું અને સ્ટ્રેચ કરવું જોઈએ. શરીરરૂપી માધ્યમ વડે જ સમાધિ અવસ્થા સુધી પહોંચી શકાય છે. આસનો શરીરને સ્વસ્થ રાખવા માટેની ઉત્તમ ચાવી છે.

પ્રાણાયામ: અષ્ટાંગ યોગનું વધુ એક પ્રચલીત સોપાન એટલે પ્રાણાયામ. શ્વાસોચ્છવાસની ગતિ પરનું નિયંત્રણ એટલે પ્રાણાયામ. પ્રાણાયામના ત્રણ ભેદ છે. પૂરક- એટલે કે શ્વાસને અંદર લેવો. રેચક- એટલે કે શ્વાસને બહાર કાઢવો. કુંભક એટલે કે શ્વાસને રોકીરાખવો. કુંભકના બે ભેદ છે. અંતર્કુંભક કે જેમા શ્વાસને અંદર લીધા બાદ રોકી રાખવાનો હોય છે, અને બહિર્કુંભક કે જેમા શ્વાસને બહાર કાઢ્યા બાદ રોકી રાખવાનો હોય છે. શરીરના પ્રાણતત્વ પરનો કંટ્રોલ યોગાભ્યાસ માટેનું ખૂબ અગત્યનું અંગ છે. આસન અને પ્રાણાયામ શરીર સ્વાસ્થ્ય વધારવા માટેના ઉત્તમ અને બિનહાનિકારક ઉપાયો છે.

પ્રત્યાહારઃ પ્રત્યાહાર એટલે મન અને મનોવૃત્તિઓને પોતાના તરફ વાળવી. શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ જેવી ઈન્દ્રીય શકિતઓ વડે આપણે સતત ઘેરાયેલા રહીએ છીએ. આ ઈન્દ્રીયો આપણને બહિર્ગામી બનાવે છે, જ્યારે આપણું મૂળ આપણી અંદર છે. 'સ્વ' ને ઓળખવા માટે અંતર્ગામી થવું અનિવાર્ય છે, જે પ્રત્યાહાર વડે શક્ય બને છે. પ્રત્યાહાર વડે મનમાં આવતા અઢળક વિચારો પર કાબૂ મેળવી શકાય છે. ઈન્દ્રીયોને સ્વ તરફ કેન્દ્રીત કરી શકાય છે,

ધારણાઃ પ્રત્યાહારનું જ આગળનું અનુસંધાન એટલે ધારણા. મનને કોઈ એક જ જગ્યાએ સ્થાપીત કરવાની સ્થિતિ. કોઈ એક જ પીન પોઈંટેડ વિચાર, એક જ લક્ષ્ય. મનના દરેક વ્યાપાર એક જ ઘટના પર કેન્દ્રીત થાય એ ધારણા.

ધ્યાનઃ ધારણાનું અનુસંધાન એટલે ધ્યાન. ધ્યાનની શરૂઆતની અવસ્થા એટલે જે એકમાત્ર વિષયવસ્તુ પર ધારણા કરી હોય તેના પરની એકાગ્રતા સાધવી. ધ્યાનના આગળના તબક્કાઓમાં કોઈ વિષયવસ્તુની જરૂરિયાત જ રહેતી નથી. મન સંપૂર્ણપણે અંતર્ગામી થવા તરફ હોય છે. ધ્યાન એ એકાગ્રતાની ઉચ્ચ અવસ્થા છે.

સમાધિઃ સમાધિ એટલે અંતિમ પડાવ. સાધકે જે અપેક્ષા સાથે અષ્ટાંગ યોગની સાધના આરંભી હોય છે તેનું ફળસ્વરૂપ એટલે સમાધિ. સમાધિ એટલે પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર. સાધકના આત્માનું પરમાત્મા સાથેનું મિલન. સમાધિ એટલે મોક્ષ. સમાધિ અવસ્થાને વર્ણવવી શક્ય નથી. આ એ પરમાનંદની અવસ્થા છે જે અનુભવે જ જાણી શકાય. સાધકની અષ્ટાંગ યોગની સફર ખરી રીતે સમાધિ પર પૂર્ણ થાય છે. વ્યાવહારિક રીતે આપણું ધ્યેય કદાચ સમાધિ ન હોય, પણ અષ્ટાંગ યોગના આચરણ વડે આપણે એક સ્વસ્થ, સાત્વિક અને જવાબદાર વ્યકિત અને નાગરિક તો બની જ શકીએ.

- contact@atharvaayu.com

# વિનુભાઈ હસતાં હસતાં રે, તમે રડવીને ચાલ્યા ક્યાં?



## મનના ઉમંગો

રણછોડ પરમાર

પોતાના જીવનકાળ દરમ્યાન પોતાના હાસ્ય લેખોથી ગુજરાતી પ્રજાને કાયમ હસાવનાર વિનોદભાઈ તારીખ ત્રેવીસમી મે, બે હજાર અઢારના રોજ, તેમના જવાથી અનેકોની આંખો ભીની થઈ જવાની એવી એમને ખબર હોવા છતાં તેની સહેજે દરકાર કર્યા વગર ચાલતા થયા. તેમના આમ અચાનક ચાલ્યા જવાની ખબર ઘણા અખબારોએ વિગતવાર છાપી તો કેટલાક અખબારોએ તેનો અછડતો ઉલ્લેખ માત્ર કર્યો. આપણા ગાંધીનગર સમાચારે તો તે જ દિવસે તંત્રીલેખમાં પણ તેનો સમાવેશ કર્યો હતો. તેમના મિત્ર ભાગ્યેશ જહાને વળી ભાગવત સપ્તાહ જેવી સાત દિવસની લેખકની પારાયણ બેસાડવાનો વિચાર સ્ફુર્યો. એક હિન્દી પિક્ચર આવેલું 'વોહ સાત દિન'.તે અમે જોયેલું છે પણ એમાં શું કથાવાર્તા હતી તે અત્યારે સહેજે યાદ નથી.પરંતુ વિનોદભાઈની યાદમાં યોજાયેલા આ સાત દિવસ દરમ્યાન ચર્ચાયેલી અનેકાનેક વાતો મગજની ચારે બાજુ ચોંટી ગઈ છે. છેલ્લા દિવસે વિનોદભાઈના સંતાનો, સર્વ સ્નેહલભાઈ, મોનાબેન અને વિનસબેન તથા પુત્રવધુ વૈદેહીબેન પણ આવ્યા હતા. સ્નેહલભાઈએ જે વાતો આપણને વિનોદભાઈએ નહોતી કીધી તે પણ કહી બતાવી. પુત્રવધુ તો તેમના સસરાને પ્રિય પિસ્તા કુલ્ફી પ્રસાદ તરીકે લાવ્યા હતા. સમગ્ર સપ્તાહ દરમ્યાન વિનોદભાઈના પુસ્તકોમાંથી ઘણું બધું વાચન થયું. પહેલા દિવસે ભાગ્યેશભાઈએ જ્યોતિન્દ્ર દવે પર વિનોદભાઈએ લખેલો લેખ વાંચ્યો.તે પછી તેમણે 'કાગડો, કફન અને પેટ્રોમેક્ષ' એ અદ્ભુત વાર્તા પણ વાંચી હતી. રોહિણીએ શિક્ષિકાને લખાયેલો પ્રેમ પત્ર વાંચ્યો. મનોજભાઈ શુકલએ 'વિનોદની નજરે'માંથી ચં.ચી.મહેતાવાળો લેખ વાંચ્યો. 'એવા રે અમે એવા'માંથી કિશોરભાઈએ 'જાગીને જો ઉં તો કાર દીસે નહીં ' પ્રકરણનું પઠન કર્યું. સંજયભાઈએ શ્રેષ્ઠ રચનાઓમાંથી તરંગ કથાઓ વાંચી હતી. આ વાચનકથા ઉપરાંત યજમાન વિનોદભાઈની જે બેસુમાર વાતો કરતા હતા તે તો કોઈ અમૂલ્ય ખજાનો ખુલ્લો મૂકી દીધો હોય તેવું લાગતું હતું. છેક પેથાપુરથી આવતા અશ્વિન પંડ્યા બહુ સારા વાચક છે તેમણે પણ વિનોદભાઈની અનેક વાતો કહી. બધા આ સાતેસાત દહાડા ભરપુર હસ્યા છીએ. વિનોદભાઈના લેખો તો આપણને હસાવતા જ હતા, એમની વાતોએ પણ બધાને ખુશખુશહાલ કરી દીધા. આવી યાદગાર ઘટના ફરી બનવાનો કોઈ સંભવ નથી.

થોડીક વાતો વિનોદભાઈના લેખન વિષે પણ કરીશું ? વિનોદભાઈએ લખવાની શરૂઆત કરૂણ વાર્તાઓથી કરી હતી. એમણે આવી પચાસ વાર્તાઓ લખી હતી. 'એવા રે અમે એવા' માં તેમણે લખ્યું છે તે વાર્તાઓ એટલી બધી કરૂણ હતી કે તેઓ જમણાં હાથે વાર્તા લખતા જાય અને ડાબા હાથે આંખના આંસુ લૂંછતા જાય. તેમના હાથમાં વાર્તાના કાગળો જોતાં જ તેમના મિત્રો ગમે તે બહાનું બતાવીને આઘાપાછા થઈ જતા. એકમાત્ર શ્રોતા હતો, ચમન બાદશાહ. તે અર્ધ-પાગલ હતો. તે આ અતિશય કરુણ વાર્તાઓ સાંભળી સાંભળીને પૂરેપૂરો પાગલ ના થઈ જાય તે કારણથી તેની પત્નિ અને ભાભીએ વિનોદભાઈને પછીથી ચમનને વાર્તાઓ સંભળાવવાની ના પાડવી પડેલી. તે પછી જશુભાઈ સાથે તેમનો ભેટો થયો તે સમયે તેમની વારતાઓ અખંડ આનંદમાં પ્રગટ થતી અને આપણા વિનોદભાઈની વાર્તાઓ બધેથી સાભાર પરત થતી. એકવાર તેમના પિતાજીના ભાગીદાર જદુરાય ડી. ખંધેડિયા તેમના ઘેર આવેલા. ખંધેડિયા તે જમાનાના સારા હાસ્ય લેખક ગણાતા. વિનુભાઈએ પેલી પચાસ કરૂણ વાર્તાઓ અને બે હાસ્ય લેખો તેમના હાથમાં ધરી દીધા. જદુકાકાએ પચાસ વાર્તાઓ વાંચવાના બદલે બે હાસ્ય લેખ પર ઉડતી નજર નાખી સલાહ આપી કે તું વાર્તાઓ લખવાનું છોડી દે. હાસ્ય લેખો લખ. તે પછી વિનોદભાઈએ કાળજુ કઠણ કરીને પચાસ વાર્તાઓ બાળી મૂકી. તે સાથે ગુજરાતી સાહિત્યે એક કરૂણ રસનો વાર્તાકાર ગુમાવ્યો. (મારી વાત તમને ખોટી લાગે તો 'એવા રે અમે એવા' માંથી તેમની માતાનું અને પહેલા પત્નિ કૈલાસબેન વાળું પ્રકરણ વાંચી જોજો.)

પેલા બે લેખમાંથી એક લેખ 'યુવક'માં અને બીજો' નવચેતન'માં મોકલ્યા. ૧૯૫૬ના જુન માસના પહેલા અઠવાડિયામાં વિનુભાઈ કોઈ હિંદી ચલચિત્ર જોઈ ઘેર આવ્યા તો આંગણામાં તેમના નામના રેપરવાળા બે મેગેઝીન પડેલાં, યુવક અને નવચેતન. તેમનું નામ પહેલીવાર ક્યાંક છપાયું હતું. તેમણે લખ્યું છે કે એ લેખો ચાલીસવાર વાંચ્યા હશે. મારા એક મિત્રે મને પૂછેલું, 'તમે તમારો લેખ વાંચો છો ખરા?' બીજો મિત્ર તરત બોલી ઉઠેલો, 'એ થોડા વાંચે ? એમણે તો શું લખ્યું છે તે જાણતા જ હોય ને ?'હવે છપાયેલું નામ વાંચવાનો શું નશો હોય છે તે એમને હું કેવી રીતે સમજાવી શકું ? પછી તો ગુણવંતભાઈ છોટાલાલ શાહ મળ્યા. અને સંદેશમાં શરુ થઈ ઈદમ તૃતિયમ કોલમ.જે વાંચવા હું દર રવિવારે મારા એક મિત્રના ઘેર જતો. ઘણા વરસો સંદેશમાં લખ્યું. કટોકટી વખતે પણ બહુ હિમ્મતથી લખ્યું. અત્યારે માઈક્રોફિક્શનના રસિયા લેખકભાઈઓને હું વિનોદભાઈએ કટોકટીકાળ દરમ્યાન લખેલી વાર્તાઓ વાંચવાની ભલામણ કરૂં છું. (એવા રે અમે એવા-પૃ.-૧૧૨)

છેલ્લા દિવસે આવેલા સ્નેહલભાઈએ વિનોદભાઈના લખાણોની વાત કરતાં તેમના ઈદમ ચતુર્થમ પુસ્તકનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. આ પુસ્તકમાં વિનોદભાઈએ શામળ ભટ્ટે લખેલી વૈતાળ પચ્ચીસીની પેરોડી કરીને આજના યુગની નવી વેતાળકથાઓ ઉપજાવી કાઢી છે. તેમની કથાઓ છવ્વીસમી વાર્તાથી શરૂ થાય છે. જેનો હિંદીમાં પણ અનુવાદ થયો છે. આ પુસ્તકની એક વિશિષ્ટતા છે કે તેની પ્રસ્તાવના શામળ ભટ્ટે લખી છે. તે પણ અદ્ભુત છે , તેની ફરી ક્યારેક વાત કરીશું આજે તેમાંથી એક વાર્તા સાંભળો.

રાજા વિક્રમને વેતાળ વાર્તા કહે છે. કોઈ એક નગરમાં જાલિમસિંહ નામે રાજ રાજ્ય કરતો હતો. નામ જેવા જ રાજાના ગુણ હતા.(આવુ તેમની અનેક વાર્તાઓમાં થાય છે. ભ્રષ્ટાચારનગરમાં બધા ભ્રષ્ટાચારીઓ હોય, ભેગરાજમાં તમામ ભેળસેળિયા વસતા હોય અને લીલાનગરમાં સર્વે સ્ત્રીપુરુષ વિલાસી સ્વભાવ ધરાવતા હોય.) એટલે પ્રજા સર્વ વાતે દુઃખી હતી.રાજ્ય કશી સગવડ આપતું ન હતું પણ આકરા કરવેરા ઉઘરાવતું હતું.મીઠા જેવી મામુલી ચીજ પર ભારે ટેક્ષ નાખવામાં આવ્યો હતો.કરવેરાનું માળખું એવું હતું કે ઘીકેળા કમાતા માણસના ભાગે ખાલી કેળાં આવતાં અને ઘી સરકારની તિજોરીમાં જમા થતું હતું. દાળ-રોટી કમાતા લોકોને ખાલી દાલ પીવી પડતી અને રોટી સરકાર ઝૂંટવી લેતી હતી. આકરા કરવેરા ભરવા માટે જ જાણે પ્રજાને કમાવું પડતું હતું. સમગ્ર પ્રજા રાજાને ધિક્કારતી હતી.

એક વાર આ રાજા શિકાર કરવા રસાલા સાથે જંગલમાં ગયો. ત્યાં કેટલાક સસલાં માર્યા. કેટલાંક હરણાં માર્યા. તેને હરણાં - સસલાંનું કાચુ માંસ બહુ ભાવતું.

આ માંસ પર ભભરાવવા જો ચપટી મીઠું મળી જાય તો રંગ રહી જાય' એક હજુરિયો બોલ્યો. રાજાને આ પ્રસ્તાવ ગમી ગયો. ' આજુબાજુના ગામમાં જઈને અબઘડી ચપટી મીઠુ લઈ આવો.' રાજાએ ફરમાન છોડ્યું, વધુમાં કહ્યું ' મીઠાનો એક પૈસો આપતા નહીં , નહીંતર મને ભોજનમાં કોઈ સ્વાદ આવશે નહીં. 'તુરત એક નોકર બાજુના ગામમાં ગયો. રાજાનું નામ આપી ઘેર ઘેર મીઠું માગ્યું.કોઈએ મીઠુ આપ્યું નહીં બલ્કે ' અમારા ઘરમાં તો એક ચપટી ય મીઠુ નથી ' એમ કહીને લોકોએ ભડાભડ બારણાં વાસી દીધા. ઉતરેલા ચહેરે અનુચર પાછો ફર્યો. તેને ખાલી હાથે આવેલો જોઈ રાજા વિફર્યો અને તેને બરાબરનો ફટકાર્યો. પછી વજીરને મોકલ્યો. વજીર ઘણો ચતુર હતો.એ તો થોડીવારમાં આખું ગાડુ ભરીને મીઠુ લઈને પાછો ફર્યો. રાજા અને નોકરો સ્તબ્ધ થઈ ગયા. રાજાએ આશ્ચર્યથી પૂછ્યું,' આટલું બધું મીઠું તમે સાવ મફત લઈને કેવી રીતે આવ્યા ?' 'અરે લોકો તો સાત ગાડા ભરીને મીઠુ આપવા તૈયાર થઈ ગયેલા પણ મેં કહ્યું આટલું બસ છે. ' વજીરે હસતાં હસતાં કહ્યું.

આટલેથી વાર્તા અટકાવી વેતાળે વિક્રમને પૂછ્યું, 'બોલ, વજીરે એવું તો શું કહ્યું હશે કે નોકરને ચપટીયે મીઠું નહીં આપનારા લોકોએ આખું ગાડું ભરીને મીઠુ આપી દીધુ ?'

'વઝીરે કહ્યું હશે કે રાજા ગુજરી ગયો છે અને એને દાટવા મીઠુ જોઈએ છે ?' વિક્રમે જવાબ આપ્યો. 'વાહ રાજા, તું તો બહુ ચતુર છે' એમ કહી મડદુ છટકીને પાછું સિધ્ધવડે જઈ ઊંધે માથે લટકી ગયું.

# જે વ્યક્તિ ધીરજ ધરી શકે એ ધાર્યું કરી શકે છે



## લાગણીનો મેળો

રસિક વાળંદ

'બેફામ' તોયે કેટલું થાકી જવું પડ્યું,
નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.
- બેફામ

●●●

'Life is Full of ups and downs' - અર્થાત્ જીવન એ તો ચડતી - પડતીનો ખેલ છે. માટે ઉન્નતિમાં ઉન્મત ન બને. અને અવનતિમાં નિરાશ ન થાય એ જ ખરો જીવનવીર કહેવાય.

દોસ્તો, કયારેક સ્વપ્રયત્નોથી મેળવેલા વિત્ત કે વૈભવો જયારે હાથથી સરવા માંડે છે ત્યારે અંતઃકરણ ખિન્ન - વ્યથિત થાય જ ને માણસ બહાવરો પણ બની જાય... મિત્રો, હમણાં Red singal - લાલબત્તી સમાન અત્યંત ગંભીર કિસ્સો અખબારી પાને ચમકયો...

અમદાવાદના પૈસાપાત્ર બિલ્ડરે પોતાની બે દીકરીઓ અને પત્નિને ગોળીએ વીંધી નાખી. ગૃહકલેશના ક્ષણિક આવેશે કિલ્લોલતા માળાને એક ઝાટકે પીંખી નાખ્યો. કન્ટ્રકશનના સામાન્ય ધંધામાંથી આગવું સામ્રાજય સર્જનાર બિલ્ડર વ્યાપાર-ધંધાની ચડતી પડતીને સહન ન કરી શક્યો. એક સમયે દોમદોમ સાહ્યબી ભોગવતો પરિવાર કે જેણે પોતાની વહાલસોઈ દીકરીઓને ૨૯ દેશોની સફર કરાવી છે. ખ્યાતનામ એવી સેપ્ટ યુનિવર્સિટીમાં પોતાની બંને દીકરીઓને અભ્યાસ કરાવ્યો છે, પરંતુ સફળ બિઝનેશમેન જયારે દેવામાં ડૂબે ત્યારે કેવી કરૂણાંતિકા સર્જાય છે તેનું જ્વલંત ઉદાહરણ આ કિસ્સો છે. ૭૦૦ કર્મચારીઓને રોજગારી પૂરી પાડનાર આ ખમતીધર બિલ્ડર દીકરીની જીદ સામે નિરાશ થઈ ગયો. ને અવિચારી પગલું ભરી બેઠો. ક્ષણિક આવેશમાં એક હસતો રમતો પરિવાર વિખેરાઈ ગયો!

જે સુખ માટે જીવનભર સંઘર્ષ કર્યો... એ સુખ જ વિનાશનું કારણ બન્યું.... 'સુખાનિ ચ દુઃખાનિ ચક્રએવ પરિવર્તતે' - સુખ અને દુઃખ ચક્રની માફક ફર્યા કરે છે. તડકો-છાંયો એ જીવનની ઓળખ છે. સાનકૂળતા અને પ્રતિકૂળતાનો સહજ સ્વીકાર કરવો એમાં જ માનવ્યની ખરી કસોટી છે.

મિત્રો, આવી દારૂણ ઘટનાઓ સમાજને હચમચાવી મૂકે છે... સૌ વિચારતા હોય છે... આમ થવાનું કારણ શું ?

દોસ્તો, આજે સૌ સુખના રવાડે ચડ્યા છે... આજે સમાજમાં મોટાઈ બતાવવાની હોડ લાગી છે. માન-મોભો-મરતબો મેળવવા બધા મથે છે. ઘણીવાર પોતાની આર્થિક હેસિયતની સાચી જાણ પરિવારના સભ્યોને કરતા નથી. પેલી ચાર્વાકનીતિ - 'દેવું કરીને ઘી પીવાની વૃત્તિ' દાખવતા જોવા મળે છે. ઊંચા જીવન ધોરણ, મોંઘી ગાડીઓ, મોંઘી હોટલો, મોંઘી પાર્ટીઓ, દારૂના વ્યસનો, વ્યભિચાર, દેશવિદેશમાં મોંઘા પ્રવાસો... આ બધું જ માત્ર બીજાને દેખાડવા માટે કરતા હોય છે. ખોટો દેખાવ - દંભ કરી ખોટી વાહવાહી માટે માણસ બોજ વેઠતો જોવા મળે છે. વિજય માલ્યા, નિરવ મોદી આના તાજાં ઉદાહરણ છે જ.... આ બધું શું કામ ? કારણ કે આપણે ભીંત ભૂલ્યા છીએ.... રાહ ભટકી ગયા છીએ..., કુટુંબ ભાવના, સાદગી, આધ્યાત્મીકતાને છેદ દીધો છે. ઘણીવાર ઊભા રહી એક સવાલ ખુદ તમારી જાતને કરો... તમે જે જીવનધોરણથી જીવો છો જેની આદત તમારા બાળકોને તથા પરિવારને પાડી રહ્યા છો તે જીવનપર્યંત નિભાવવાની તમારી કેપેસીટી છે ? જો જવાબ 'ના' હશે તો ગમે ત્યારે આપઘાત કરવો જ પડશે. તમારી હયાતીમાં આવું થશે તો સહન થશે ? માટે પાણી પહેલા પાળ બાંધીએ... સાદગીનો રાહ અપનાવી લો હજી કદાચ મોડું નથી થયું... 'Simple Living and high thinking' - સાદું જીવન ઉચ્ચ વિચાર એ જ જીવનનો મુદ્રાલેખ હોવો ઘટે...

●●●

સ્પર્શમણિ

● સહનશીલતા એ સ્વભાવ નહીં સંસ્કાર છે.
ત્રાજવું વજન માપી શકે છે ગુણવત્તા નહીં.

●●●

● જે વ્યક્તિ ધીરજ ધરી શકે એ ધાર્યું કરી શકે છે.

●●●

કર્મનું અભિમાન રાખો પૈસાનું નહિં.
ફળોનો રોજા કેરી છે છતાં કિલોમાં વેચાય છે.
જયારે ફળ નંગમાં વેચાય છે.

●●●

- rasikvaland1965@gmail.com